**અંત –** ઢાલ ૬૫મી. વાધાજીરા ભાવનરી દેશી. રાગ ધન્યાસી
શ્રી **સુકરાય** ઋષી ગુંણ ગાયા, દિનદિન ચડતે દીવાજાજી,
નિસૂંણો ભવિકા પરમ ગુંણાકર, વાજે જસના જસવાજાજી. શ્રી. ૧
**પુંડરગિર મહિમાથી** એહનો, બહૂ વિસ્તરીઊ જસવાસજી,
જસ વિસ્તરતે તીર્થ તણો પણિ થયો નામ **શત્રુંજે** ઉલાસજી. શ્રી. ૨
સુંણયો શ્રોતા **શુક** કિહે કાલે, પ્રગટચો પૂહવી જગીસજી,
**અભિનંદન** જિન **સુમતિ** વિચાલે, થયો **શુક** નૃપ વિસવા
વીસજી. શ્રી. ૩
જયોજયો એહની કરણી રૂડી, ભાગ્યબલિ સુપ્રવીણજી,
બાહ્ય અભ્યંતર ભેદ જે વિવિધ, તેહ સું સદા લયલીણજી. શ્રી. ૪
તેહની કાર્યસિદ્ધિ ડનુસારે, નામ યથારથ એહનોજી,
આજ લગણ તે નિશ્ચલ છે ભવિ, **શત્રુંજય** નાંમ જેહનોજી. શ્રી. ૫
ઇણી પરે જે ભવિ ભાવ ધરીને, કરસ્યે કૃત્ય જે કરણીજી,
તેહી જ સિદ્ધતા થોડે કાલે, હોસ્યે એ ભવઉદ્ધરણીજી. શ્રી. ૬
જિમ **શુક** નૃપને બિહૂં પ્રકારે, વેંરી વિલયે ગયા જાંણોજી,
બાહ્ય વેંરી તો **ચંદ્રશેખરજી**, અભ્યંતર કરમ વખાંણોજી. શ્રી. ૭
એ બિહૂં વેંરી વીજસવાદ લહીને, પોહોતા શિવપુરવાસજી,
તિમ જે કોઈ ભવિજન આરાહસ્યે, તે લહસ્યે પદ અવિનાસજી.
શ્રી. ૮
**તપગચ્છ**-ગયણ-વિભાસણ દિનમણિ, શ્રી **હીરવિજય**સૂરી હીરોજી,
મહિમા જેહનો અતુલીબલ છે, ભૂતલ માંહિ સનૂરોજી. શ્રી. ૯
સકલવાચક-શિર-મુગટ-નગીનો, **શ્રી કલ્યાંણવિજય** બુધ સીસજી,
**ધનવિજય** પાઠક પ્રતીરૂપી, ગ્નાંનગુંણે સુજગીસજી. શ્રી. ૧૦
તેહનો સિષ્ય પ્રભાવક રૂડા, શ્રી **કુંઅરવિજય** ઉવઝાયાજી,
તસ પદકમલસેવન ભ્રમરોપમ, શ્રી **ગુણવિજય** ગણિરાયાજી. શ્રી. ૧૧
તાસ સીસ તે જગમાં જાંણો, **ધીરવિજય** ગુરૂરાયાજી,
તસ પદસેવક ગુંણગણરસીઓ, શ્રી **પુન્યવિજય** સુસવાયાજી. શ્રી. ૧૨
એહ ગુરૂ-ચરણ-પ્રસાદ લહીને, સુંદર રાસ મેં ગાયોજી,
**શ્રાદ્ધવિધિ માંહિથી** નીરખી, રચના રચિને મેં સુણાયોજી. શ્રી. ૧૩
ચરિત્ર થકી કાંઈ અધિકોઓછો, જે મુખથી કહે વાંણોજી,
મીછામિ દુકડ સંઘની સાખે, દેઉં છું સમજુ જાંણોજી. શ્રી. ૧૪